# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07-07-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

નમસ્કાર,આકાશવાણી,

OPENING SIGNATURE TUNE

સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

**મુખ્ય સમાચાર**

(મ્યુઝિક અંડરપ્લે)

1) બ્રાઝિલના રિયો ડી જેનેરો ખાતે બ્રિક્સ શિખર સંમેલનમાં પહેલગામ આતંકવાદી હુમલાની કડક શબ્દોમાં નિંદા કરતું ઘોષણાપત્ર જારી.

2) પ્રધાનમંત્રી મોદીએ કહ્યું - આતંકવાદના પીડિતો અને સમર્થકોને એક જ ત્રાજવે ન તોલી શકાય.

3) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આજે નવી દિલ્હીમાં કન્ટ્રોલર્સ કોન્ફરન્સ, 2025નું ઉદઘાટન કરશે.

4) કતારમાં યોજાયેલી ઇઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામની પરોક્ષ વાટાઘાટોનો પ્રથમ તબક્કો નિષ્ફળ.

5) ઇંગ્લેન્ડ સામેની શ્રેણીની બીજી ટેસ્ટ મેચમાં ભારતનો 336 રનથી ઐતિહાસિક વિજય.

..........................................................................

સમાચારને અંતે

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# BRICS PM

બ્રાઝિલના રિયો ડી જેનેરો ખાતે ચાલી રહેલા બ્રિકસ શિખર સંમેલનમાં સભ્ય દેશોએ 22 એપ્રિલના રોજ જમ્મુ અને કાશ્મીરમાં થયેલા આતંકવાદી હુમલાની કડક શબ્દોમાં નિંદા કરતું ઘોષણાપત્ર જારી કર્યું છે.

લીડર્સ ડેક્લેરેશનમાં બ્રિકસ નેતાઓએ આતંકવાદીઓની સરહદ પારની અવરજવર, આતંકવાદને ભંડોળ પૂરૂં પાડવા અને સુરક્ષિત આશ્રયસ્થાનો સહિત તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓમાં આતંકવાદનો સામનો કરવા માટે તેમની પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરી છે. નેતાઓએ આતંકવાદ માટે શૂન્ય સહિષ્ણુતા નીતિ સુનિશ્ચિત કરવા અને આતંકવાદનો સામનો કરવા માટે બેવડા ધોરણોને નકારી કાઢવા વિનંતી કરી છે.

પ્રસ્તુત છે અમારા સંવાદદાતાનો અહેવાલઃ

## (VOICE CAST SUDHINDRA)

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે, આતંકવાદીઓ સામે પ્રતિબંધો લાદવામાં કોઈ ખચકાટ ન હોવો જોઈએ. તેમણે કહ્યું, આતંકવાદના પીડિતો અને સમર્થકોને એક જ ત્રાજવે ન તોલી શકાય. શાંતિ અને સલામતી અંગેનાં સત્રને સંબોધતા શ્રી મોદીએ જણાવ્યું કે, આજે ત્રાસવાદ માનવતા સામેનો સૌથી મોટો પડકાર બની ગયો છે.

પ્રધાનમંત્રી મોદીએ બ્રિક્સ શિખર સંમેલનમાં બ્રિક્સનાં સભ્યો સાથે ‘બહુપક્ષીયતા, આર્થિક-નાણાકીય બાબતો અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સને મજબૂત કરવા' વિષય પર આયોજિત આઉટરીચ સત્રમાં ભાગ લીધો હતો.

પોતાના સંબોધનમાં શ્રી મોદીએ બ્રિક્સને વૈશ્વિક સહકાર અને બહુધ્રુવિય વિશ્વ માટે ઉદ્દીપક તરીકે ગણાવ્યું. પ્રધાનમંત્રીએ કૃષિ-બાયોટેકનોલોજી, ડિજિટલ શિક્ષણમાં ભારકતની પહેલ પર ભાર મૂક્યો અને બ્રિક્સ સાયન્સ એન્ડ રિસર્ચ રિપોઝીટરી માટે હાકલ કરી.

# PM MEETS MALAYSIAN, CUBA PRESIDENT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શિખર સંમેલનથી અલગ મલેશિયાના પ્રધાનમંત્રી અનવર ઇબ્રાહીમ સાથે મુલાકાત કરી હતી. બંને નેતાઓએ ભારત-મલેશિયા સર્વગ્રાહી વ્યૂહાત્મક ભાગીદારીનાં વિવિધ મુદ્દાઓની સમીક્ષા કરી હતી.

શ્રી મોદીએ ક્યુબાના પ્રમુખ મિગ્યુએલ ડિયાઝ-કેનેલ બર્મુડેઝ સાથે પણ મુલાકાત કરી હતી. બંને નેતાઓએ આર્થિક સહકાર, બાયોટેકનોલોજી, ફાર્મા, આયુર્વેદ અને પરંપરાગત દવાઓ, ડિજિટલ પબ્લિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને યુપીઆઇ સહિતનાં ક્ષેત્રોમાં ભારત-ક્યુબા સંબંધો મુદ્દે અભિપ્રાયોની આપલે કરી હતી.

# JAISHANKAR-IRAN MEXICO

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે બ્રાઝિલના રિયો ડી જાનેરોમાં તેમના ઈરાની સમકક્ષ સૈયદ અબ્બાસ અરાઘચી સાથે મુલાકાત કરી હતી. એક સોશિયલ મીડિયા સંદેશમાં ડૉ. જયશંકરે જણાવ્યું કે, વાતચીત તાજેતરના પ્રાદેશિક ઘટનાક્રમ પર કેન્દ્રિત હતી.

ડોક્ટર જયશંકરે મેક્સિકોના વિદેશ મંત્રી જુઆન રામોન ડે લા કુએન્ટે સાથે પણ મુલાકાત કરી હતી. તેમણે આરોગ્ય, ડિજિટલ, ટેકનોલોજી અને અવકાશ પર ધ્યાન કેન્દ્રિત કરતી ભારત-મેક્સિકો ભાગીદારીની વધુ પ્રગતિ અંગે ચર્ચા કરી હતી.

# RAJNATH SINGH-CONTROLLERS' CONFERENCE

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આજે નવી દિલ્હીમાં કન્ટ્રોલર્સ કોન્ફરન્સ, 2025નું ઉદઘાટન કરશે. આ ત્રણ દિવસીય પરિષદનું આયોજન સંરક્ષણ હિસાબ વિભાગ (DAD) દ્વારા કરવામાં આવશે.

સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ કાર્યક્રમમાં આઠ ઉચ્ચ-સ્તરીય વેપાર સત્રો હશે, જેમાં બજેટ અને હિસાબમાં સુધારા,

આંતરિક ઓડિટ પુનર્ગઠન, સહયોગી સંશોધન, કિંમત નિર્ધારણ નવીનીકરણ અને ક્ષમતા નિર્માણ જેવા ક્ષેત્રોને આવરી લેવામાં આવશે.

આજનાં પ્રારંભિક સત્રમાં સંરક્ષણ દળોના વડા અનિલ ચૌહાણ, ત્રણેય સેનાના વડાઓ, સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહે તેવી સંભાવના છે.

# AMARNATH YATRA

આજે વહેલી સવારે કડક સુરક્ષા વ્યવસ્થા હેઠળ આઠ હજાર 605 યાત્રાળુઓની વધુ એક ટૂકડી અમરનાથ ગુફાની યાત્રા માટે જમ્મુના ભગવતી નગર યાત્રી નિવાસ બેઝ કેમ્પથી રવાના થઈ હતી.

યાત્રીઓ 372 વાહનોના કાફલામાં રવાના થયા હતા, જેમાં છ હજાર 486 પુરુષો, એક હજાર 826 મહિલાઓ, 42 બાળકો, 216 સાધુ અને 35 સાધ્વીનો સમાવેશ થાય છે. આમાંથી ત્રણ હજાર 486 યાત્રી બાલતાલ બેઝ કેમ્પ અને પાંચ હજાર 119 યાત્રીઓ પહેલગામ બેઝ કેમ્પ માટે રવાના થયા હતા, જ્યાથી તેઓ પવિત્ર ગુફાની મુસાફરી માટે આગળ વધશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# ISRAEL-HAMAS TALKS

**પેલેસ્ટાઈનના સૂત્રોનાં જણાવ્યા મુજબ કતારમાં યોજાયેલી ઇઝરાયેલ અને હમાસ વચ્ચે પરોક્ષ યુદ્ધવિરામ વાટાઘાટોનો પ્રથમ તબક્કો કોઈપણ સમજૂતી વિના સમાપ્ત થયો હતો.**

**ગઈકાલે દોહામાં થયેલી ચર્ચાનો હેતુ યુદ્ધવિરામ અને બંધક મુક્તિની સમજૂતીનો માર્ગ શોધવાનો હતો. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સત્તામાં પરત ફર્યા પછી ઇઝરાયલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂની વોશિંગ્ટનની ત્રીજી મુલાકાત પહેલા આ વાટાઘાટો ફરી શરૂ થઈ હતી.**

નેતન્યાહુએ કહ્યું કે ઇઝરાયેલના વાટાઘાટકારોને ઇઝરાયેલે સ્વીકારેલી શરતો હેઠળ જ યુદ્ધવિરામ સમજૂતી હાંસલ કરવા માટે સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી છે. નેતન્યાહુએ કહ્યું કે તેમને આશા છે કે આજે રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથેની તેમની મુલાકાત યુદ્ધવિરામની વાટાઘાટોને આગળ વધારવામાં મદદ કરશે.

# INDIA ENGLAND TEST

એજબેસ્ટન, બર્મિંઘંમ ખાતે ગઈકાલે રમાયેલી બીજી ટેસ્ટ મેચમાં ભારતે ઇંગ્લેન્ડ સામે 336 રનથી ઐતિહાસિક વિજય મેળવ્યો છે. આ સાથે ભારતે એન્ડરસન-તેંડુલકર ટ્રોફી 1-1થી સરભર કરી છે. એજબેસ્ટન ખાતે 58 વર્ષ બાદ ભારતનો આ પ્રથમ ટેસ્ટ વિજય છે.

પાંચમા દિવસે વરસાદને કારણે 100 મિનિટ મોડી શરૂ થયેલી મેચમાં ભારતનાં બોલરો બાકીની સાત વિકેટો લેવામાં સફળ રહ્યા હતા. આકાશદીપે બીજી ઇનિંગમાં છ અને પ્રથમ ઇનિંગમાં ચાર સહિત કુલ 10 વિકેટ લીધી હતી. તેઓ ઇંગ્લેન્ડમાં 10 વિકેટ લેનાર બીજા ભારતીય બોલર બન્યા છે. અગાઉ 1986માં ચેતન શર્માએ આ સિદ્ધિ હાંસલ કરી હતી. મોહમ્મદ સિરાઝે સાત વિકેટ લીધી હતી. શુબમન ગિલે બંને ઇનિંગમાં કુલ 430 રન કરીને વિક્રમ સર્જ્યો હતો. ભારતે બીજી ઇનિંગ છ વિકેટે 427 રને ડિકલેર કરીને ઇંગ્લેન્ડને જીતવા 608 રનનો લક્ષ્ય આપ્યો હતો. જોકે, તે 271 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું.

ગિલને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા. હવે, 10મી જુલાઇએ લોર્ડ્સ ખાતે ત્રીજી ટેસ્ટ રમાશે. ભવ્ય વિજય બાદ ગિલે પોતાની પ્રતિક્રિયા આપી

(BYTE: શુબમન ગિલ)

## WORLD BOXING

કઝાકિસ્તાનના અસ્તાનામાં યોજાયેલા વિશ્વ બોક્સિંગ કપમાં ગઈકાલે ભારતીય મહિલા ઓલિમ્પિયન જેસમિન લામ્બોરિયા, સાક્ષી અને નૂપુરે પોતપોતાના વજન વર્ગમાં સુવર્ણ પદક જીત્યાં હતાં.

## IMD WEATHER

હવામાન વિભાગે આજે છત્તીસગઢ, પૂર્વ મધ્ય પ્રદેશ, મધ્ય મહારાષ્ટ્ર અને વિદર્ભમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે આજે ઉત્તરાખંડ, ગુજરાત, કોંકણ, ગોવા, ઓડિશા, મધ્ય પ્રદેશ, દરિયાકાંઠાના કર્ણાટક અને ઉત્તર પ્રદેશ સહિત ઉત્તર

પશ્ચિમ ભારતના કેટલાક ભાગોમાં ગાજવીજ, તોફાની પવન અને વીજળી પડવાની સાથે ભારે વરસાદની આગાહી પણ કરી છે.

# PAK- BUILDING COLLAPSE

પાકિસ્તાનમાં, કરાચીમાં ઈમારત ધરાશાયી થવાથી 27 લોકોનાં મૃત્યુ થયા છે. અધિકારીઓએ પુષ્ટિ કરી કે, મૃતકોમાં 15 મહિલાઓ અને ત્રણ બાળકોનો સમાવેશ થાય છે. ત્રણ લોકોની હાલત ગંભીર છે. બચાવના પ્રયાસો અંતિમ તબક્કામાં છે અને મોટાભાગના કાટમાળને સાફ કરવામાં આવ્યો છે.

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

1) આજના મોટાભાગના અખબરોએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બ્રિક્સ શિખર બેઠકમાં ભાગ લીધો અને બીજી ટેસ્ટ મેચમાં ઈંગ્લેન્ડ સામે ભારતના વિજયના સમાચારોને તસવીરો સાથે મુખ્ય શીર્ષકમાં લીધા છે
2) સંદેશનું મુખ્ય શીર્ષક છે- બર્મિંગહામમાં 58 વર્ષ બાદ ટીમ ઈન્ડિયાનો ઐતિહાસિક વિજય થયો
3) ગુજરાત સમચારે એજબેસ્ટનમાં ભારતનો ઈંગ્લેન્ડ સામે ઐતિહાસિક વિજય આ સમાચારને હેડ લાઇન બનાવી છે
4) દિવ્ય ભાસ્કરે ભારતની વિદેશમાં સૌથી મોટી જીત આ સમાચારને હેડલાઇન બનાવી છે
5) નવગુજરાત સમયનું મુખ્ય શીર્ષક છે બ્રિક્સમાં પીએમ મોદી ગર્જ્યા :બેવડા ધોરણો બંધ કરો
6) સંદેશે એઆઈના યુગમાં ટેકનિક દર સપ્તાહે અપડેટ થાય છે પ્રધાનમંત્રી મોદીના આ નિવેદન સાથે બ્રિક્સ બેઠકના સમાચાર પ્રકાશિત કર્યા છે
7) ગુજરાત સમાચાર લખે છે ગ્લોબલ સાઉથ વિના વૈશ્વિક સંસ્થાઓ નેટવર્ક વગરના સિમકાર્ડ જેવી :મોદી
8) આ ઉપરાંત પૂર્વ સીજેઆઈને બંગલો ખાલી કરાવવા અંગે સુપ્રીમ કોર્ટનો સરકારને પત્ર અને એલોન મસ્કની નવા રાજકીય પક્ષની રચનાના સમાચાર પહેલા પાને જોવા મળી રહ્યા છે
9) વિવીધ અખબારોમાં ગૃહમંત્રી અમિત શાહની ગુજરાત મુલાકાત,રાજ્યમાં સાર્વત્રિક વરસાદ અને મોહરમની ઉજવણીના સમાચારો પણ તસવીરો સાથે પ્રકાશિત થયા છે.